Index of Articles -

Reprints from Kshatriya Samaj Darpan, Navsari, Gujarat, India

From February 2008 to December 2008


| | |
|---|---|
| ફેબ્રુઆરી - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૧. એક ઝલક** |
| માર્ચ - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૨. આપણા શાસ્ત્રો** |
| એપ્રિલ - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૩. આપણા વેદો** |
| મે - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૪. આપણા ઉપનિષદો** |
| જુન - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૫. આપણા પુરાણો** |
| જુલાય - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૬. રામાયણ અને મહાભારત** |
| ઓગસ્ટ - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૭. અન્ય શાસ્ત્રો** |
| સપ્ટેમ્બર - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૮. શાસ્ત્રોની સમજ.** |
| ઓક્ટોબર - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૯. બ્રહ્મ વિષે જ્ઞાન.** |
| નવેમ્બર - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૧૦. બ્રહ્મા - દેવદર્શન.** |
| ડીસેમ્બર - ૨૦૦૮ | **હિંદુ ધર્મઃ ૧૧. વિષ્ણુ - દેવદર્શન.** |


© 2008 North American Hindu Association

ફેબ્રુઆરી - ૨૦૦૮
(આ મહિનાથી હિંદુ ધર્મની સમજૂતી આપતાં લેખોની હારમાળા શરૂ કરીએ છીએ. આ માહિતી હિંદુ ધર્મનું હાર્દ સમજવા, ખાસ કરીને આપણા યુવા-વર્ગને, ઉપયોગી થશે. - સંપાદક)

**હિંદુ ધર્મઃ ૧. એક ઝલક**

ડો. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - પ્લેઝનટન, કેલિફોર્નિયા, અમેરીકા.

આપણો હિંદુ ધર્મ પ્રાચિણ ધર્મોમાં એક મુખ્ય અને અગત્યનો ધર્મ છે. આપણે હિંદુઓએ તો આપણા ધર્મ વિષે જાણવું જોઈએ એ ખાસ અગત્યની વાત છે. જેવી રીતે ઘરની સ્થિરતા એ ઘરના ચાર થાંભલા અથવા સ્તંભો પ્રતિક ગણાય છે, તેમજ હિંદુ ધર્મમાં ૧. ધર્મ ૨. અર્થ ૩. કામ અને ૪. મોક્ષ ને ચાર મુખ્ય સ્તંભો ગણાય છે. પુરાણા જમાનામાં જ્યારે વિધાર્થી ચાર વર્ષ માટે આશ્રમમાં ભણવા જતો ત્યારે તેને એક એક સ્તંભ વારાફરતી શીખવવામાં આવતો.

**ધર્મઃ** આ શબ્દના બે મહત્વ ભર્યા અર્થો થાય છે. પહેલો અર્થ તો જે પ્રભુની માનતાનો પંથ છે જેવી રીતે હિંદુ ધર્મ, જૈન ધર્મ, વગેરે. બીજો અર્થ કર્તવ્ય, ફરજ, આચરણ થાય છે. જે પુસ્તકોમાં આપણા ધર્મના પાયાની સ્થાપના થઈ છે, તે બધા જ પુસ્તકોને શાસ્ત્રો કહેવાય છે. આપણા બધા જ શાસ્ત્રો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે. સંસ્કૃત ભાષાની લીપી દેવનાગરી - એટલે જ્યાં દેવો રહે તે છે.

હિંદુ ધર્મને અનેકેશ્વરવાદી - એટલે એકથી વધારે દેવોમાં માનનાર કહેવાય છે. આ બાબતને બરાબર સમજવા માટે આપણે જે દેવો અને દેવીઓની પુજા કરીએ છીએ તે બાબતમાં જાણવુ ખુબ જ આવશ્યક છે. આ સમજ પડે તે માટે, વિધાર્થીને અહીં બ્રહ્મ વિષે શીખવવામાં આવે છે. આપણા પુજા પાથો કેવી રીતે કરવા અને શા માટે કરવામાં આવે છે તેની સમજ અહીં આપવામાં આવે છે.

જ્યારે ધર્મને કર્તવ્ય, ફરજ, કે આચરણ તરીકે શીખવવામાં આવે ત્યારે સૌથી પહેલો ધર્મ પોતાની પ્રતિ છે એમ જ્ઞાન આપવામાં આવે છે. જેવી રીતે દુબતો માણસ બીજાને બચાવી ના શકે તેમ પહેલા પોતાનુ સુરક્ષણ કર્યા પછી ધર્મ પાલન બીજાઓનો ખ્યાલ રાખીને જ થાય એમ શીખવવામાં આવે છે.

**અર્થઃ** આ શબ્દના પણ ઘણા ભાવાર્થ થાય છે જેવી રીતે - ધન સંપતી, ઈરાદો, ભાવાર્થ. આ બધા અર્થો વ્યહવારીક તેમજ સામાજીક જીંદગીને કેમ લાગે તે સમજવા જેવું છે. વિધાર્થીને એ સમજાવવામાં આવે છે કે આપણા અસ્તિત્વનો આપણી પોતાની જીંદગીમાં, આપણાં કુટુંબમાં, તેમજ આપણાં સમાજમાં શું અર્થ છે. આની સાથે ધાર્મીક અર્થો કે જે વ્રત, જપ, તપ, તથા યાત્રા વગેરે છે તેની સમજ આપવામાં આવે છે.

© 2008 North American Hindu Association

આ સમયે વિધાર્થીને કર્મ શબ્દની ઓળખાણ આપવામાં આવે છે.  ધીરે ધીરે વિધાર્થી સારા કર્મ અને ખરાબ કર્મ વચ્ચે અંતરફેર કરી શકે છે અને ત્યારે એને સુધ્ધ કર્મ (ફળની ઈચ્છા વગરનુ કરેલું કર્મ)નું જ્ઞાન આપવામાં આવે છે. અહીં આપણા કરેલા કર્મોને લીધે આપણે જન્મ અને મરણના ચક્રમાં ફેરા ફરીયે છીએ તેની સમજ આપવામાં આવે છે.

**કામઃ** કામ એટલે ઈચ્છા અથવા વિષયવાસના.  પરદેશોમાં કામનું ભાષાંતર જાતિય વાસના તરીકે કરવામાં આવે છે - ખાસ કરીને કામસુત્ર પરથી.  જો કે જાતિય વાસના પણ એક જાતની વિષયવાસના છે એટલે એ ભાષાંતર પણ ખરૂ છે પરંતુ અડધુ સાચુ છે.  આપણો હિંદુ ધર્મ બધા ધર્મોમાં એકલો છે કે જેમાં ઈચ્છાઓ (જાતિય વાસના સાથે) ને ધર્મનો એક મુખ્ય પાયો ગણવામાં આવે છે.  આ વાતને પુરેપુરી સમજાવવા માટે અહીં શીવલીંગ પુજા શીખવવામાં આવે છે.  તે ઉપરાંત આપણા જીવનમાં કામદેવ શું ભાગ ભજવે છે તેની સમજ આપવામાં આવે છે. મોક્ષ મેળવવામાં જે પાંચ અંતરાયો છે તેમાં કામ એક મુખ્ય અંતરાય પણ છે એ સમજાવવામાં આવે છે.  જેને પાંચ મુખ્ય અંતરાયો કહેવામાં આવે છે - તે છે ૧. કામ ૨. ક્રોધ ૩. લોભ ૪. મોહ અને ૫. માયા.  ઘણી વખત અહંકારને છથ્થી અંતરાય ગણવામાં આવે છે.

**મોક્ષઃ** દરેક હિંદુનો મુખ્ય લક્ષએ મોક્ષ હોય છે.  મોક્ષ એટલે જન્મ અને મરણના કાયમના ફરતા ચક્રમાંથી મુકિત.  અહિં વિધાર્થીને આપણા ધર્મનાં તત્વજ્ઞાનની જે મુખ્ય છ શાખાઓ છે તેનું જ્ઞાન આપવામાં આવે છે.  સાથે સાથે મોક્ષ મેળવવાના જે ત્રણ મુખ્ય પંથો છે તેની ચર્ચા કરવામાં આવે છે.  એ ત્રણ પંથો છે - ૧. જ્ઞાન માર્ગ  ૨. કર્મ માર્ગ અને ૩. ભકિત માર્ગ.  એ એક યાદ રાખવા જેવું છે કે મોટે ભાગના હિંદુઓ સામાજીક જાવનમાં ત્રણે પંથો પર વધતા ઘટતા સમયે ચાલે છે.
આપણા ધર્મના અનેકમાંથી અગત્યના સંતો અને ઋષિઓની ઓળખાણ અહિં આપવામાં આવે છે.  તે ઉપરાંત અહિં આપણા ધર્મની મુખ્ય પંથી સંસ્થાઓ - કે જેઓ એમ માને છે કે એ જે માર્ગે જાય છે તે જ ફકત અથવા સર્વોત્તમ છે - એની ઓળખાણ અપાય છે.  જો કે દરેક સંપ્રદાયિક સંસ્થાઓનો ધ્યેય એ જ હોય કે તે ભકતોને મોક્ષને દ્વારે લઈ જાય - પરંતુ હકિકતમાં ઘણા સંપ્રદાયો દુર્માર્ગે ભટકાયેલા હોય છે.  સામાન્ય રીતે વિધાર્થી ચાર વર્ષના અભ્યાસંતરે પોતે સંપ્રદાયની યોગ્યતા પારખી શકવો જોઈએ.

આવતા ક્રમાંકોમાં આપણે ઉપરના વિવાદના વિષયો પર એક પછી એકની સમજ જોઈશું.  લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને  hajratwala@naha.us  પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

માર્ચ - ૨૦૦૮

## હિંદુ ધર્મઃ ૨. આપણા શાસ્ત્રો

ડો. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - પ્લેઝનટન, કેલિફોર્નિયા, અમેરીકા.

દરેક ધર્મમાં પોતાના ગ્રંથો હોય છે. ધાર્મિક ગ્રંથો એ છે કે જેને ભકતો માને છે કે એમાં લખાયુ હોય તે પ્રમાણે સમાજમાં વર્તાવ થવો જોઈએ. કોઈક ધર્મોમાં એક જ ગ્રંથ હોય છે – જેમ કે ઈશુ ધર્મમાં બાઈબલ અને ઈસ્લામમાં કોરાન. કોઈક ધર્મમાં એકથી થોડા વધારે હોય જેમ કે બુધ્ધ અને જૈન ધર્મના ગ્રંથો. આપણા શાસ્ત્રોના ગ્રંથો અનેકો છે જેની સંખ્યા હજારોમાં છે. આપણા બધા જ શાસ્ત્રો સંસ્કૃતમાં લખાયલા છે. આપણે જ્યારે કોઈ પણ શાસ્ત્ર સંસ્કૃત સિવાય બીજી કોઈ પણ ભાષામાં વાંચીએ ત્યારે આપણે ભાષાંતર વાંચીએ છીએ.
આપણા શાસ્ત્રો બે મુખ્ય ભાગોમાં વહેચાયલા છે. ૧. શ્રુતિ શાસ્ત્રો અને ૨. સ્મૃતિ શાસ્ત્રો.

**શ્રુતિ શાસ્ત્રોઃ** શ્રુતિ એટલે જે સાંભળીને યાદ રહ્યુ છે તે અથવા જે પ્રભુએ આપણને બતાવ્યુ છે તે. પુરાણા જમાનામાં વિધાર્થીઓ ગુરૂજે કહેતા તે સાંભળીને યાદ રાખતા. આપણા જુનામાં જુના ધર્મગ્રંથો વેદો ગણાય છે. ફકત વેદોને જ શ્રુતિ શાસ્ત્રો કહેવાય છે. વેદો ચાર છે. ૧. ઋગ વેદ. ઋગનો અર્થ છે છંદ અથવા કાવ્યનો એક નાનો ભાગ જેમ કે મંત્ર. ૨. સામ વેદ. સામ શબ્દ સામનથી આવે છે. સામન એટલે વારંવાર ધ્યાન દઈને બોલવું. જેથી આ વેદમાં યજ્ઞ સમયે જપ કરવાના મંત્રો છે. ૩. યજુર વેદ. યજુર શબ્દ યજુસ - એટલે યજ્ઞ વખતે બોલવાનો એક ખાસ જાતનો મંત્ર - તે પરથી આવેલો છે. આ વેદમાં જુદા જુદા યજ્ઞોની વિધી અને તેના મંત્રો આપવામાં આવ્યા છે. ૪. અથર્વ વેદ. અથર્વ શબ્દ અથર્વન - એટલે યજ્ઞની અગ્નિ સળગાવવાની વિધી માટે જે મુખ્ય બ્રાહ્મણ હોય - તે પરથી આવેલો છે. દરેક વેદોમાં અનેકો પુસ્તકો છે. દરેક વેદના ચાર ભાગ છે અને એ દરેક ભાગમાં અનેકો પુસ્તકો છે.
આ સિવાયના આપણા બધા ગ્રંથો સ્મૃતિ શાસ્ત્રો ગણાય છે. સ્મૃતિ એટલે જે યાદ રહ્યુ તે. જેવી રીતે લગ્ન અને ગોત્રેજની વિધી આપણને જેમ યાદ રહ્યુ હોય કે આમ કરતા. સ્મૃતિ શાસ્ત્રોના અનેકો ગ્રંથો છે જેમાં પુરાણો, સુત્રો, સ્મૃતિઓ, તંત્રો, અને ઈતિહાસોનો પુરાવો થાય છે.

**પુરાણ** એટલે પ્રાચીન, ઘણુ જ જુનુ. આમ તો કહેવાય છે પુરાણ પરંતુ આ ગ્રંથો વેદો પછી લખાયેલા છે. આ ગ્રંથો ત્રણ ભાગમાં છે - જે ત્રિમૂર્તિ બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ એટલે શીવ નામે છે. દરેક ભાગમાં પોતાના તે દેવતા સર્વોત્તમ તેમજ શ્રૃષ્ટિનુ સર્જન, તે દેવોને પ્રસન્ન કરવાના જપો, તપો, અને વ્રતોનુ વર્ણન હોય છે. પુરાણોમાં બીજા ધર્મ ગ્રંથોમાં અધુરી રહેલી વાતો પુરી કરવામાં આવે છે. દરેક પુરાણના ભાગમાં છ ગ્રંથો છે. જેટલા પુરાણો છે તેટલા જ ઉપપુરાણો છે. સૌથી પ્રખ્યાત પુરાણ શ્રીમદ ભગવત પુરાણ છે.

**સુત્રો** એમનુ નામ સુત્ર (ગુજરાતીમાં સુતર) કે જે કપાસનો કાચો દોરો છે જે હાર ગુંઠવામાં વપરાય - તે પરથી છે. સુત્રો એ મહાન ગ્રંથો પર ટુંકમાં લખેલી નોંધો છે. સુત્રોમાં બ્રહ્મસુત્ર એક અત્યંત પ્રખ્યાત શાસ્ત્ર છે. સુત્રો વાંચીને સમજવું ઘણું

© 2008 North American Hindu Association

મુસ્કેલ છે એટલે સુત્રો હંમેશા વિધ્વાનોની નોંધ સાથે જ વંચાય છે. સૌથી પ્રખ્યાત અને મશહુર નોંધો શ્રી આદી શંકરાચાર્યની ગણાય છે.

**સ્મૃતિ** શાસ્ત્રોમાં સ્મૃતિ નામના ગ્રંથો સામિલ છે. એ ગ્રંથોમાં સમાજમાં લોકોએ કેવો વર્તાવ કરવો જોઈએ તે વિષય પર નોંધ કરવામાં આવેલી હોય છે. વર્ષો પછી આ નોંધોએ લોકોના જીવનમાં જન્મથી મરણસુધીના વર્તાવમાં કાયદાનું રૂપ ધારણ કર્યુ. સ્મૃતિઓમાં સૌથી પ્રખ્યાત મનુસ્મૃતિ છે. આજે પણ ઘણી હિંદુ લગ્નવિધીઓ આ સ્મૃતિઓના લખાણ આધારે જ થાય છે.

**તંત્રો** એ શાસ્ત્રો છે કે જે શિવ પાર્વતિની દૈવી પુજા અને મહિમા ગાય છે - જે અગમા ગ્રંથો તરીકે પણ ઓળખાય છે. એમાં જે લખાયલું છે તેનો સમાજમાં માનવ જાતના કલ્યાણ હેતુથી ફેલાવ થાય એમ માનવામાં આવે છે પરંતુ તાંત્રિક પુજાની રીત ઘણાને પસંદ આવતી નથી એટલે એ પુજા બહુ થોડી જગ્યાએ અને જ્યાં થાય છે ત્યાં ટુંકમાં કરવામાં આવે છે.

અમુક **ઈતિહાસો** આપણાં ધર્મગ્રંથો છે. આમાં રામાયણ અને મહાભારતનો સમાવેશ થાય છે. રામાયણ એ ભગવાન વિષ્ણુના સાતમા અવતાર શ્રી રામનો ઈતિહાસ છે. મહાભારત એ એક મહા પરાક્રમી ભરત નામના રાજા (કે જેના પરથી આપણા દેશનુ નામ ભારત રાખવામાં આવેલું છે) અને તેના વંશજો - ખાસ કરીને પાંડવો અને કૌરવો નો ઈતિહાસ છે. આને ઈતિહાસ એટલા માટે કહેવામાં આવે છે કારણકે રામ, કૃષ્ણ વગેરે રાજાઓ વાસ્તવિકમાં થઈ ગયા હતા. બાકીની બધી વાત કેટલી સાચી તે વાંચનારની શ્રધ્ધા પર છે. શ્રીમદ ભગવત ગીતાનો પણ અહીં જ સમાવેશ થાય છે કારણ કે ગીતા મહાભારતનો એક સોમો અધ્યાય છે.

આવતા ક્રમાંકમાં આપણે વેદો ઉપર વિગતસર સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(એપ્રિલ - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૩. આપણા વેદો**

ડો. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - પ્લેઝનટન, કેલિફોર્નિયા, અમેરીકા.

આપણા વેદો ચાર છે.

**૧. ઋગ વેદ**. ઋગનો અર્થ છે છંદ અથવા કાવ્યનો એક નાનો ભાગ જેમ કે મંત્ર.

**૨. સામ વેદ**. સામ શબ્દ સામનથી આવે છે. સામન એટલે વારંવાર ધ્યાન દઈને બોલવું. જેથી આ વેદમાં યજ્ઞ સમયે જપ કરવાના મંત્રો છે.

**૩. યજુર વેદ**. યજુર શબ્દ યજુસ - એટલે યજ્ઞ વખતે બોલવાનો એક ખાસ જાતનો મંત્ર - તે પરથી આવેલો છે. આ વેદમાં જુદા જુદા યજ્ઞોની વિધી અને તેના મંત્રો આપવામાં આવ્યા છે. યજુર વેદના બીજા બે ભાગ છે જેને શુકલ યજુર વેદ અને કૃષ્ણ યજુર વેદ કહેવામાં આવે છે. એક જ્ઞાનવાલકેવ્ય નામના શીષ્યને એના ગુરૂએ આદેશ આપ્યો કે તુ તારૂ બધુ શીખેલુ અહીં મુકી જા ત્યારે તેણે એ બધુ શીખેલુ ઓકીને બહાર કાઢયું તે જ્ઞાનને કૃષ્ણ (કાળુ અથવા મેલુ) યજુર વેદ કહેવાય છે. ત્યાર બાદ એ સુર્ય ભગવાન પાસે જઈને જે વેદોનુ જ્ઞાન મેળવે છે તેને શુકલ (સફેદ અથવા ચોખ્ખુ) યજુર વેદ કહેવાય છે.

**૪. અથર્વ વેદ**. અથર્વ શબ્દ અથર્વન - એટલે યજ્ઞની અગ્નિ સળગાવવાની વિધી માટે જે મુખ્ય બ્રાહ્મણ હોય - તે પરથી આવેલો છે. દરેક વેદોમાં અનેકો પુસ્તકો છે. દરેક વેદના ચાર ભાગ છે અને એ દરેક ભાગમાં અનેકો પુસ્તકો છે.

ચારે વેદો મહર્ષિ વ્યાસે લખેલા કહેવાય છે. એ જમાનામાં વ્યાસ એક સામાન્ય નામ હતું. બીજાઓથી અલગ કરવા માટે એમને વેદ વ્યાસ કહેવામાં આવે છે. એમણે બ્રહ્મા - વિશ્વના સર્જનહારની પ્રેરણાથી વેદો લખ્યા એટલે વેદોને પ્રભુનાં શબ્દો માનવામાં આવે છે તેથી જે વેદોમાં લખાયેલુ છે તેની સાચા જુથી કરાતી નથી. આસ્તિક (જે માને છે તે) અને નાસ્તિક (જે નથી માનતો તે) શબ્દો વેદો એ પ્રભુના શબ્દો છે એ માનતાને સંબોધે છે. જૈન ધર્મ અને બુધ્ધ ધર્મ વેદોમાં માનતા નથી તેથી તેમને નાસ્તિક ધર્મો ગણવામાં આવે છે.

વેદોના ચાર ભાગમાં પહેલો ભાગ **સંહિતા** નામે ઓળખાય છે. બધા જ સંહિતાના ગ્રંથોમાં વેદિક દેવતાઓને - જેમ કે ઈંદ્ર, અગ્નિ, વગેરેને પ્રસન્ન કરવાના મંત્રો છે. બધા જ વેદોના પુસ્તકો કવિતાના રૂપમાં મંત્રના સહારે લખાયલા છે. શ્રી ગાયત્રી મહામંત્ર - જે ખરેખર તો સુર્ય મંત્ર છે - તે ઋગ વેદ સંહિતામાં આવે છે. વેદોમાં શ્લોકો નથી. એક ખાસ રીતે લખાયેલા મંત્રને શ્લોક કહેવામાં આવે છે જેની શોધ મહર્ષિ વાલ્મિકિએ - જેમણે રામાયણ લખ્યું હતુ તેમણે કરી હતી. સમાન્ય રીતે જ્યારે લોકો એમ કહે કે એમણે વેદ વાંચ્યો છે ત્યારે તેઓ એ વેદના પહેલા ભાગનું સંહિતા નામનું પહેલુ પુસ્તક વાંચ્યું હોય છે. ઋગવેદ સંહિતાનો પહેલો અને છેલ્લો મંત્ર આપણા ધર્મમાં પહેલો અને છેલ્લો મંત્ર તરીકે ઓળખાય છે.

વેદોના બીજા ભાગને **બ્રાહ્મણ** કહેવામાં આવે છે. દરેક વેદના અનેકો બ્રાહ્મણ હોય છે જેમાં યજ્ઞ વખતે બોલવાના મંત્રો અને તે સમયની રીત વગેરેનુ વર્ણન કરવામાં આવ્યુ છે. બ્રાહ્મણ શબ્દ બ્રહ્મ પરથી આવ્યો છે. બ્રાહ્મણોમાં સંહિતામાં આપેલી યજ્ઞ વિધીઓનો વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે.

© 2008 North American Hindu Association

વેદોના ત્રીજા ભાગને **આરણ્યક** કહેવામાં આવે છે. આરણ્ય એટલે વન અથવા જંગલ. પુરાણા જમાનામાં વિધાર્થીઓ ગુરૂને ત્યાં - જેઓ જંગલમાં આશ્રમમાં રહેતા - ત્યાં જઈને અને રહીને અભ્યાસ કરતા. સામાન્ય રીતે વિધાર્થીને સંહિતા અને બ્રાહ્મણનું જ્ઞાન મળ્યા પછી આરણ્યકો શીખવવામાં આવતા. તેથી જે જ્ઞાન આરણ્યમાં મળતુ તેને આરણ્યક કહેવાતુ. એમાં બ્રાહ્મણોમાં લખેલા યજ્ઞ વિધીઓનો વિસ્તારથી ઉલ્લેખ કરવામાં આવ્યો હોય છે.
આમ આ વેદોના પહેલા ત્રણે ભાગોમાં જ્ઞાન વિધીને લાગતી વાતો આપવામાં આવેલી છે એથી એ ત્રણે ભાગોને કર્મ કાંડ કહેવામાં આવે છે.

સૌથી છેલ્લો અને મહત્વનો વેદનો ભાગ **ઉપનિષદ** તરીકે ઓળખાય છે જેમાં પહેલા ત્રણ ભાગો માંથી થોડા થોડા મંત્રો લેવામાં આવ્યા છે. આ ભાગ આધ્યાત્મિક જ્ઞાન, ઓમ, બ્રહ્મ, આત્મા વગેરેની ચર્ચા કરે છે તેથી એ ભાગને જ્ઞાનકાંડ કહેવામાં આવે છે. આ ભાગ વેદાન્ત તરીકે પણ ઓળખાય છે કારણકે સામાન્ય રીતે આ ભાગને વેદ અભ્યાસમાં અંતમાં શીખવવામાં આવે છે. ઉપનિષદ શબ્દનો અર્થ - નજીક બેસીને - એટલે ગુરૂ નજીક બેસી આ જ્ઞાન મેળવી શકાય એમ કહેવાય છે જેથી ગુરૂની મહત્ત્વતા પણ અહીં બતાવવામાં આવી છે. જુદા જુદા ઉપનિષદોમાં કુલ્લે ૧૧૮૦ ઉપનિષદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાંથી મોટે ભાગના ખોવાય ગયા છે. હાલ ૧૦૮ ઉપનિષદોની ગણતરી થાય છે તેમાંથી ૧૦ મુખ્ય ગણાય છે કારણકે શ્રી શંકરાચાર્યે એ દસ ઉપનિષદો પર નોંધ લખી છે. એ દસ છે - ઈશા, કેના, કથા, પ્રશ્ન, મુંડક, માંડુકય, તૈતિરીય, ઐતરીય, છાન્દોગ્ય, અને બૃહદારણકય. દરેક ઉપનિષદમાં થોડાક મંત્રોથી અનેકો મંત્રોની સંખ્યા છે.

શ્રીમદ ભાગવત ગીતાને ઘણી જગ્યાએ પાંચમો વેદ કહેવામાં આવેલો છે કારણકે એ લોકો એમ માને છે કે ઉપનિષદોનો સારાંસ ગીતામાં આપવામાં આવ્યો છે જે વધારે પડતુ સાદાઈથી સમજાવેલુ કહેવાય. ગીતાએ પાંચમો વેદ નથી.

જ્યારે વેદના મંત્રો લખવામાં આવે છે ત્યારે ત્રણ આંકડા લખવામાં આવે છે જેનો ઉલ્લેખ આમ છે. પહેલો આંકડો તે વેદનો ભાગ હોય છે. બીજો આંકડો એ ભાગમાં જે અધ્યાય હોય તેનો છે અને ત્રીજો ભાગ તે અધ્યાયમાં જે મંત્ર હોય તેનો હોય છે.

આવતા ક્રમાંકમાં આપણે ઉપનિષદો ની સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(મે - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૪. આપણા ઉપનિષદો**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

સૌથી છેલ્લો અને વેદનો મહત્વનો ભાગ ઉપનિષદ તરીકે ઓળખાય છે જેમાં પહેલા ત્રણ ભાગો માંથી એટલે કે સંહિતા, બ્રાહ્મણ, તથા આરણ્યકોમાંથી થોડા થોડા મંત્રો લેવામાં આવ્યા છે. આ ભાગ આધ્યાત્મિક જ્ઞાન, ઓમ, બ્રહ્મ, આત્મા વગેરેની ચર્ચા કરે છે તેથી એ ભાગને જ્ઞાનકાંડ કહેવામાં આવે છે. આ ભાગ વેદાન્ત તરીકે પણ ઓળખાય છે કારણકે સામાન્ય રીતે આ ભાગને વેદ અભ્યાસમાં વિધાર્થીઓને અંતમાં શીખવવામાં આવે છે. ઉપનિષદ શબ્દનો અર્થ - નજીક બેસીને - એટલે ગુરૂ નજીક બેસી આ જ્ઞાન મેળવી શકાય એમ કહેવાય છે જેથી ગુરૂની મહત્ત્વતા પણ અહીં બતાવવામાં આવી છે. જુદા જુદા શાસ્ત્રોમાં કુલ્લે ૧૧૮૦ ઉપનિષદોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાંથી મોટે ભાગના ખોવાય ગયા છે. હાલ ૧૦૮ ઉપનિષદોની ગણતરી થાય છે તેમાંથી ૧૦ મુખ્ય ગણાય છે કારણકે શ્રી શંકરાચાર્યે એ દસ ઉપનિષદો પર નોંધ લખી છે. એ દસ પર નીચે ટુંકી નોંધ આપી છે અને એ જે વેદનો ભાગ ગણાય છે તે શરૂઆતમાં કૌંસમાં આપ્યુ છે.

**ઈશાઃ** (શુકલ યજુરવેદ) આ ૧૮ મંત્રો નાનો ઉપનિષદ બધા શાસ્ત્રોમાં સૌથી પહેલો લખવામાં આવે છે. એનુ નામ ઈશા એ કારણે છે કે આ ઉપનિષદ મહાપ્રભુ ઈશા તરફથી છે એવુ ગણાય છે. આધ્યાત્મિક જીવન કેમ જીવવુ એ બાબતનો એનો પહેલો મંત્ર મહાત્મા ગાંધીજીએ એમના લખાણ વડે ઘણો પ્રસિદ્ધ કર્યો છે. આજે પણ આ ઉપનિષદના છેલ્લા ચાર મંત્રો અંતિમ ક્રિયા સમયે બોલવામાં આવે છે જે સ્વર્ગિય આત્મા તરફથી પ્રભુને પ્રાર્થના છે.

**કેનાઃ** (સામવેદ) આ ઉપનિષદ એક કેના (એટલે કોનાથી) શબ્દના સવાલથી શરૂ થાય છે તેથી એને કેનોપનિષદ કહેવાય છે. આ આખા ઉપનિષદમાં બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે.

**કથાઃ** (કૃષ્ણ યજુરવેદ) આ એક નિચિકેત નામના નાના બાળકની વાર્તા (કથા) છે. યમરાજ નિચિકેતને મરણ અને મૃત્યુ બાબતનુ જ્ઞાન આપે છે તેથી એ ભાગો આજે પણ અંતિમ ક્રિયા સમયે આસ્વાશન માટે વાંચવામાં આવે છે.

**પ્રશ્નઃ** (અથર્વવેદ) એક પિપ્પલાદ નામના મહાઋષિને છ વિધાર્થીઓ ૐ, આત્મા, અને બ્રહ્મ વિષે છ સવાલો (પ્રશ્નો) પુછે છે તેથી એ પ્રશ્નોપનિષદ તરીખે ઓળખાય છે.

**મુંડકઃ** (અથર્વવેદ) પ્રાચિન જમાનામાં જ્યારે વિધાર્થીઓ આશ્રમમાં જતા ત્યારે ભણતરમાં અમુક આગળ વધે ત્યારે માથુ બોડાવતા (એને મુંડક કહેતા). આવા આગળ પડતા વિધાર્થીઓને જ આ ઉપનિષદનું બ્રહ્મજ્ઞાન શીખવતા.

© 2008 North American Hindu Association

**માંડુકયઃ** (અથર્વવેદ) મુખ્ય ઉપનિષદોમાં આ સૌથી નાનો જેમાં ફક્ત ૧૨ મંત્રો છે. દેડકો જ્યારે એક કમળના પાન પરથી બીજા પાન પર કુદે છે તેને સંસ્કૃતમાં માંડુકય કહે છે. આ ઉપનિષદ સમજવો ઘણો અઘરો છે એટલે સંતોની નોંધ વગર આ ઉપનિષદ લખાતો નથી. સૌથી પ્રખ્યાત નોંધ જેને કારિકા કહેવામાં આવે છે તે શ્રી આદી શંકરાચાર્યના ગુરુના ગુરુ શ્રી ગૌદપાદની ગણાય છે.

**તૈતિરીયઃ** (કૃષ્ણ યજુરવેદ) એક યાજ્ઞવલ્કય નામના શિષ્યને એ જે કંઇ શિખ્યો હોય તે બધુ ત્યાંજ મુકી આશ્રમ છોડી જવાની ગુરુ આજ્ઞા આપે છે. ગુસ્સામાં યાજ્ઞવલ્કય એ જ્ઞાન જમીન પર ઓકી ચાલી જાય છે. બીજા વિદ્યાર્થીઓને આ ગમ્યુ નહિ તેથી તે બધાએ તેતર નામના પક્ષીઓનુ રૂપ ધારણ કરી ગ્રહણ કર્યુ. તૈતિરીયોપનિષદ એ જ્ઞાનનો એક ભાગ છે. ભારતમાં દરેક વિદ્યાલયોમાં ગુરુ શિષ્યો વિદ્યા પ્રારંભ પહેલા જે મંત્ર (ૐ સહ નાવવતુ ...) બોલે છે તે આમાં છે જે માટે એ પ્રખ્યાત છે.

**ઐતરેયઃ** (ઋગ વેદ) મહર્ષિ ઐતરેય અહિં આત્મા અને બ્રહ્મના સબંધની સમજણ આપે છે જેથી એ ઐતરેયોપનિષદ તરીકે ઓળખાય છે.

**છાન્દોગ્યઃ** (સામવેદ) આ એક ઘણો મોટો ગ્રંથ છે જે ૐ, બ્રહ્મ, અને આત્માની સમજ નાની વાર્તાઓ વડે આપે છે.

**બૃહદારણ્કયઃ** (શુકલ યજુરવેદ) મુખ્ય ઉપનિષદોમાં આ સૌથી મોટો ગ્રંથ છે. એના ઘણા જ મંત્રો (દા.ત. તમસો મા ...) આજે પણ ભકતો રોજ બોલે છે જે માટે એ પ્રખ્યાત છે.

ઉપનિષદોમાંથી બે વસ્તુ ખાસ શીખવા જેવી છે. **પહેલુ** તો ૐ નો અર્થ. આમતો ઘણા અર્થો છે પરંતુ બધા સહમત થાય છે કે ૐ માં ત્રણ અક્ષર છે જે (અ) બ્રહ્મા, (ઉ) વિષણુ, અને (મ) મહેશ એટલે શીવના ચિહ્નો રૂપ છે એટલે ૐ નો ઉચ્ચાર કરવાથી આપણે એકી સાથ ત્રણે દેવોને અર્થાત સાક્ષાત બ્રહ્મને પુકારીયે છીએ.
**બીજો** પાઠ આત્મા અને બ્રહ્મ વચ્ચેના સબંધ વિષે જેને બ્રહ્મજ્ઞાન કહેવાય તે છે. આ માં બે મુખ્ય અભિપ્રાયો ગણાય છે. પહેલો અભિપ્રાય તો એ કે આત્મા અને બ્રહ્મ બન્ને એક છે. જે લોકો આ માને છે તેઓ અદ્વૈતા તરીકે ઓળખાય છે. બીજો અભિપ્રાય એમ કે આત્મા અને બ્રહ્મ બન્ને અલગ છે. જે લોકો આ માને છે તેઓ દ્વૈતા તરીકે ઓળખાય છે. આ બે અભિપ્રાયો વચ્ચે બીજા ચાર ભાગ છે જેથી કરી કુલ્લે હિંદુ ધર્મમાં તત્વજ્ઞાનની મુખ્ય છ શાખાઓ ગણાય છે. મોટે ભાગના લોકો એ છએ અભિપ્રાયોને સાચા માને છે જેવી રીતે છ આંધળા માણસો એક હાથીને જુદી જુદી જગ્યાએ સ્પર્શ કરી વર્ણવે તો જે એક કહે તે સત્ય છે પરંતુ તે આખા હાથીનુ વર્ણન નથી તેમ. આપણા હિંદુધર્મની આ એક મહત્વતા છે કે એકદમ જુદા મતભેદો પણ શાંતીથી હળીમળી ટકી શકે છે.

આવતા ક્રમાંકમાં આપણે પુરાણો ની સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(જુન - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૫. આપણા પુરાણો**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

પુરાણો ઘણા જ અગત્યના શાસ્ત્રો છે. પુરાણ એટલે ઘણુ જુનુ પરંતુ વાસ્તવિકમાં આ શાસ્ત્રો બહુ જુના નથી. બધા જ પુરાણો વેદો પછી અને ઘણા રામાયણ, મહાભારત પછી જ લખાયેલા છે. એ બધા જ મહર્ષિ વેદવ્યાસ રચીત ગણાય છે. પુરાણોનો મુખ્ય હેતુ વેદો અને ઉપનિષદોની આધ્યાત્મિક વાતો સરળતાથી સમજાવવાનો છે જે માટે ઋષિઓ, રાજાઓ, ભક્તો, અને અવતારોની વાર્તાઓનો ઉપયોગ કર્યો છે. સદીઓથી ભારતીય સંસ્કૃતિઓનુ ઘડતર પુરાણોએ કર્યુ છે.

કુલ્લે ૧૮ પુરાણો મહાપુરાણો તરીકે ઓળખાય છે. એમાં ૬ બ્રહ્મા, ૬ વિષ્ણુ, અને ૬ શિવ મહાપુરાણો ગણાય છે જે તે પોતાના દેવને મહાન ગણી તેના ગુણ ગાય છે. આ ભાગલાઓનો કંઈ ખાસ અર્થ નથી કારણકે ઘણા પુરાણો એકથી વધારે ભાગમાં ગણી શકાય છે. જેટલા મહાપુરાણો છે તેટલા જ ઉપપુરાણો છે. બધા જ પુરાણોમાં પાંચ વિષયોનુ વર્ણન હોય છે. ૧. (સર્ગ) સૃષ્ટિનું સર્જન ૨. (પ્રતિસર્ગ) સૃષ્ટિનો વિનાશ અને ફરી સર્જન ૩.(મનવંતર) મનુઓનો ઈતિહાસ ૪. (સુર્ય અને ચંદ્ર) વંસનો અહેવાલ અને ૫. (વંસચરિત્ર) અન્ય રાજવંસનો અહેવાલ. આ ઉપરાંત એમાં જુદા જુદા વ્રતો, તહેવારો, પુજાની રીતથી માંડી સ્વર્ગ અને નર્કના વર્ણન સુધીની જુદી જુદી વિગતો હોય છે.

ઘણી વખત કોઈ નાની વાતના વર્ણન માટે એ પુરાણ પ્રખ્યાત થાય છે. ઘણી વખત એક પુરાણમાં લખ્યુ હોય તે બીજા પુરાણથી એકદમ જુદુ હોય છે દા.ત. લીંગ પુરાણમાં માર્કંડયને શિવ ભક્ત જ્યારે નારદ પુરાણમાં એને વિષ્ણુ ભક્ત કહે છે. દરેક પુરાણોની શ્લોકોની સંખ્યા જુદી છે જે ૯,૦૦૦ થી માંડી ૮૦,૦૦૦ થી વધારે છે. પુરાણો પ્રસિધ્ધ થવાનુ કારણ કે એ તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવે છે અને ભકિતભાવને પ્રોત્સાહન આપે છે. હવે ૧૮ પુરાણો, જે પહેલા ૬ બ્રહ્મપુરાણો, પછી ૬ વિષ્ણુપુરાણો, અને છેલ્લા ૬ શિવપુરાણો વિષે ટુંકી નોંધ આપી છે. કૌંસનો અંક એ પુરાણમાં આશરે શ્લોકનો હજારોમાં અંક છે.

૧. બ્રહ્મ (૨૪) આ પુરાણ ક્રમાંકમાં પહેલો લખાય છે તેથી એને આદીમહાપુરાણ પણ કહેવામાં આવે છે. એનુ અસલી લખાણ ખોવાય ગયેલુ ગણાય છે.

૨. બ્રહ્માંડ (૧૨) આ પુરાણ ક્રમાંકમાં છેલ્લો લખાય છે. એના મૂળ લેખમાં સંપુર્ણ અધ્યાત્મ રામાયણ હતુ પરંતુ હવે એમાં એના અમુક જ ભાગો છે. એમાં લલિતાસહસ્રનામા, જે મહાદેવી લલિતા (પાર્વતિ અવતાર)ના ૧૦૦૦ નામની ક્રમાંક છે.

૩. બ્રહ્મવિવાર્ત (૧૮) આ તુલસી અને એવી અન્ય દેવીઓની વાર્તાઓ માટે પ્રખ્યાત છે.

૪. માર્કંડય (૯) આમાં દેવીમહાત્મય જે ચંડીપાઠ અથવા દુર્ગાસપ્તશતિ પણ કહેવાય છે તે છે. અત્યંત લોકપ્રિય ચંડીપાઠમાં શ્રીદેવી (જે સરસ્વતિ, લક્ષ્મી, અને પાર્વતિ ત્રણે એક રૂપ છે તે)ના ૭૦૦ મંત્રો વડે ગુણ ગવાય તે છે. દેવીમહાત્મય એ દેવીભાગવત, જે ઉપપુરાણ છે તે નથી.

© 2008 North American Hindu Association

૫. વામન (૧૦) આમાં શ્રી વિષ્ણુના વામન અવતારનુ સંપુર્ણ વર્ણન છે.

૬. ભવિષ્ય (૧૪) આમાં ભવિષ્યવાણી તેમજ મનુસ્મૃતિના અમુક ભાગો છે.

૭. વિષ્ણુ (૨૩) આ મહર્ષિ પરાશર અને એના શિષ્ય માર્કંડેય વચ્ચેનો સંવાદ છે તે પુરાણરત્ન તરીકે પણ ઓળખાય છે. એમાં વિષ્ણુના ઘણા અવતારોનુ વર્ણન છે.

૮. ગરુડ (૧૯) આ શ્રીવિષ્ણુ અને ગરુડ વચ્ચેનો સંવાદ છે.  આનો છેલ્લો ભાગ અંતિમ સંસ્કાર પછી ઘણા વાંચે છે.

૯. નારદ (૨૫) આ મહર્ષિ નારદ અને સનતકુમાર વચ્ચેનો સંવાદ તિર્થોના વર્ણન માટે પ્રખ્યાત છે.

૧૦. ભાગવત (૧૮) આ એક અતિ લોકપ્રિય પુરાણ છે.  આમાં શ્રીવિષ્ણુના અન્ય અવતારોનુ વર્ણન છે.  એનો દસમો અધ્યાય જેમાં શ્રીકૃષ્ણના ગુણ ગવાય છે તે સૌથી મોટો છે.

૧૧. પદ્મ (૫૫) મોટા પુરાણોમાં આનો બીજો ક્રમાંક છે જે ભિષ્મ અને પુલત્સ્ય વચ્ચેનો સંવાદ છે.  શિવ પાર્વતિ સંવાદ જે એનો છેલ્લો કંડ છે તે માટે એ પ્રખ્યાત છે.

૧૨. વારહ (૧૦) શ્રીકૃષ્ણ વારહ (દાંત વાળુ સુવર) રૂપે પૃથ્વીને કેમ બચાવે છે તે વર્ણન છે.

૧૩. શિવ (૨૪) આ પુરાણ ઘણી જાતના મળે છે પરંતુ ૬ કંડવાળો સામાન્ય છે. આ મહર્ષિ વેદવ્યાસના શિષ્ય રોમહર્ષણ (અથવા લોમહર્ષણ)ના શિક્ષણ રૂપે છે.

૧૪. લિંગ (૧૧) શિવપુરાણ જેમ આ પણ એક શિક્ષણ છે. આ બન્નેમાં શિવસહસ્રનામા છે પરંતુ જુદા છે. આ લિંગ પુજાવિધિ વર્ણન માટે પ્રસિધ્ધ છે.

૧૫. મત્સ્ય (૧૪) શ્રીવિષ્ણુના મત્સ્ય અવતારનું વર્ણન છે.

૧૬. કુર્મ (૧૭) શ્રીવિષ્ણુના કુર્મ (કાચબો) અવતારનું વર્ણન છે. દેવદાનવોએ જ્યારે અમૃત પ્રાપ્તિ માટે પર્વતથી સમુદ્રમંથન કર્યુ ત્યારે કુર્મે પર્વતનુ વજન જીલ્યુ તે વર્ણન છે.  આમાં ઈશ્વરગીતા છે જે યોગ વિશિષ્ટતાઓ માટે પ્રસિધ્ધ છે.

૧૭. અગ્નિ (૧૫) આ અગ્નિદેવ મહર્ષિ વશિષ્ઠને બોધ આપે તે રૂપ છે. આ જ એક મહાપુરાણ છે કે જેના ખંડમાં ભાગ નથી એટલે એમાં સૌથી વધારે- એટલે ૩૮૦ અધ્યાયો છે. મોટેભાગના વ્રતો અને અન્ય પુજાવિધિઓનુ વર્ણન છે.

૧૮. સ્કંડ (૮૧) સૌથી મોટો મહાપુરાણ આ છે જેની ઘણી આવૃત્તિઓ છે.  શ્રીસ્કંડ એટલે શિવપાર્વતિના પહેલાપુત્ર શ્રીકાર્તિકેય તેના ગુણો ગાય છે. એ જ્યોતિર્લિંગોના વર્ણન અને સત્યનારાયણની કથા માટે પ્રસિધ્ધ છે.

આવતા ક્રમાંકમાં આપણે બે મહાન ઈતિહાસો - રામાયણ અને મહાભારત જે શાસ્ત્રો ગણાય છે તેની સમજ આપશું.  લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને  hajratwala@naha.us  પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(જુલાય - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૬. રામાયણ અને મહાભારત**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

આ ઈતિહાસો શાસ્ત્રો ગણાય છે કારણ કે એ પ્રભુપ્રેરણાથી મહર્ષિ વાલ્મીકિએ રામાયણ અને મહર્ષિ વેદવ્યાસે મહાભારત લખેલા ગણાય છે.  એમાં ઘણી થોડીજ વાતો સત્ય સાબિત થઈ શકે જેમકે રામ, કૃષ્ણ, ભરત એવા નામના રાજાઓ હતા. બાકીના ઈતિહાસની  વિગત વિશ્વાસ પર લેવી પડે એટલે શ્રધ્ધાથી એને શાસ્ત્ર તરીકે વાંચવું પડે.  એની દરેક વાતોમાં આધ્યાત્મિક બોધ છે.  આટલા નાના લેખમાં આટલી મોટી મહાકથા લખવાનો ઈરાદો નથી, પરંતુ આ લેખથી વાચકોને કંઈક અગત્યની વાતો જાણવા મળે એવી આશા છે.

**રામાયણઃ** શ્રીવિષ્ણુના ૭મા અવતાર શ્રીરામની આ કથા છે.  રામાયણની બે મુખ્ય આવૃતિઓ ગણાય છે - જે લગભગ દરેક ભાષામાં મળે છે.  ૧. મહર્ષિ વાલ્મીકિ રચિત ૨૪,૦૦૦ શ્લોકોની સંસ્કૃત રામાયણ જેનો દર હજારમો શ્લોક ગાયત્રીમંત્રના એકએક અક્ષરથી શરૂ થાય છે. આ ૨૪ શ્લોકો ગાયત્રીરામાયણ તરીકે ઓળખાય છે.  ૨. શ્રીતુલસીદાસ રચિત અવધિમાં (જે અયોધ્યામાં ૧૬મી સદીમાં હિંદી જેવી ભાષા બોલાતી) લખાયેલી રામાયણ જે રામચરિત્રમાનસ તરીકે ઓળખાય છે. રામાયણ આપણે આધ્યાત્મિક રીતે કેવી રીતે જીવન જીવવુ જોઈએ તે બોધ આપતી કથા છે.  નીચે ટુંકમાં આપણા દરેક ધર્મસ્તંભ, તેમાં લાગતો બોધ, અને લાગુ પડતી પરંતુ ચૂંટેલી કથા આપ્યે છે.

**ધર્મઃ**  (વિચાર કરીને કર્મ કરવું) હરણ જોવા વગર દશરથે આંધળા માબાપના એકલતા દીકરા શ્રવણનો વધ કર્યો. **કર્મ** (તમારા કર્મની જવાબદારી ફકત તમારી જ છે) વાલ્મીકિ મહર્ષિ કેમ બન્યા, (ભવિષ્યનુ વચન ના આપવુ) દશરથે કૈકયીને આપેલુ વચન.

**અર્થઃ** (મર્યાદામાં રહેવુ) સીતાએ લક્ષ્મણરેખા ઓળંગી (ફકત પૈસાથી મુસીબતો દુર થતી નથી અને બીજાનું ચોરેલુ ધન સર્વનાશ કરે છે) સીતા, જે લક્ષ્મી અવતાર છે તે જાતે છુટી ના શકી તેમજ એજ લંકાના સર્વનાશનુ કારણ બની.

**કામઃ** (કામ મનુષ્યને એટલો આંધળો બનાવે છે કે એને પોતાનો સર્વનાશ દેખાતો નથી) રાવણને એની ભુલ ના સમજાઈ (જે મનુષ્ય કામને કાબુમાં નથી રાખી શકતો તે પથ્થર જેવો નકામો બને છે) અહલ્યાની કથા.

**મોક્ષઃ** (પ્રભુ પ્રેમથી પસંદ થાય છે) સબરીની કથા.

**હનુમાન ચાલિસાઃ** આ તુલસીદાસ રચિત રામચરિત્રમાનસના સુંદરકાંડમાં આપેલો ૪૦ શ્લોકોવાળો હનુમાનના ગુણ ગાતો અત્યંત લોકપ્રિય ભાગ છે.  એ ગાવાથી અને સાંભળવાથી એ અત્યંત સુખદાયી અને ચમત્કારિક ગણાય છે.

© 2008 North American Hindu Association

મહાભારતઃ આ એક રાજા ભરત અને એના વંશજો ખાસ કરીને પિત્રાય ભાઈઓ પાંડવો અને કૌરવોની કથા છે.  આ મહાકથા કે જેમાં ઘણી નાની નાની બીજી કથાઓ છે તે કુલ્લે ૧૮ ભાગમાં લખાયલુ છે.  એના ૯૦,૦૦૦થી વધારે શ્લોકોથી એ દુનિયાનુ સૌથી મોટુ મહાકાવ્ય ગણાય છે.  આ પણ એક આપણે આધ્યાત્મિક રીતે કેવી રીતે જીવન જીવવુ જોઈએ તે બોધ આપતી કથા છે.  પિત્રાય ભાઈઓ વચ્ચે થતી લડાઈ એ એક આપણા જીવનમાં થતી રોજની ભલા બુરા વચ્ચે થતી લડાઈના દાખલા રૂપ છે.  જીંદગીમાં સો અવગુણો (એટલે કે સો કૌરવો કે જેમાં મુખ્ય બે છે - દુર્યોધન, એટલે દુર્ગતિથી પ્રાપ્ત થએલુ ધન અથવા બુરી લડાઈ, અને દુશાસન, એટલે સત્તાનો મોહ)ને હરાવવા માટે પાંચ સુગુણો (એટલે કે પાંચ પાંડવો - યુધિષ્ઠિર - જે લડાઈમાં સ્થિર રહે, ભીમ - જેમાં લડવાની શકિત હોય, અર્જુન - જેનુ લક્ષ સ્થિર હોય, નિકુલ - જે કુળની મર્યાદા ધ્યાનમાં રાખે, અને સહદેવ - જે બધાસાથે હળીમળી શકે)ની જરૂર હોય છે. રામાયણની જેમ નીચે ટુંકમાં આપણા દરેક ધર્મસ્તંભ, તેમાં લાગતો બોધ, અને લાગુ પડતી પરંતુ ચૂંટેલી કથા આપ્યે છે.

**ધર્મઃ** (વિચાર કરીને કર્મ કરવું) ભિષ્મની પ્રતિજ્ઞા, દ્રોપદીએ કરેલુ દુર્યોધનનુ અપમાન, હસ્તિનાપુર પર ધૃતરાષ્ટ્રે કરેલુ રાજ.

**અર્થઃ** (સંતાનોની જીવનસાથીની પસંદને આશિર્વાદ આપવાની માબાપની ફરજ ) ગાંધારીના ધૃતરાષ્ટ્ર સાથે, હિડંબાના ભીમ સાથે, અને રુક્મિણીના કૃષ્ણ સાથે થએલા લગ્ન.

**કામઃ** (જે કામ કાબુમાં નથી તે મુસીબત લાવે છે) સત્યવતિને સંતાનુએ કરેલો પ્રસ્તાવ, પાંડુનુ મૃત્યુ, કર્ણનો જન્મ.

**મોક્ષઃ** ((પ્રભુ પ્રેમથી પસંદ થાય છે) દુર્યોધનનો મહેલ છોડી શ્રીકૃષ્ણ વિદુરને ત્યાં ભાજી જમવા જાય છે.
આટલી ચુંટેલી કથાઓ સિવાય એવી અન્ય અને મહાતુલ્ય કથાઓ મહાભારતમાં છે.

**શ્રીમદભગવદગીતાઃ** આ કથા ભાગ(ભિષ્મપર્વ)માં ૭૦૦ શ્લોકનો (અધ્યાય ૨૫ થી ૪૨) એક ભાગ છે જે ચંડીપાથ જેટલો જ મોટો છે.  જ્યારે બે સેનાઓ એકમેકની સામે લડવા તૈયાર છે અને લડાઈ શરૂ થવાની ત્યારે અર્જુન લડવાની ના કહે છે. શ્રીકૃષ્ણ, જે અર્જુનના સારથી છે, તે એને બોધ આપે છે જે શ્રીમદભગવદગીતા તરીકે ઓળખાય છે.  અત્યંત ટુંકો સારાંશ એ છે કે ફકત જ્યારે આપણો આત્મા (અર્જુન) આ ચાર ઘોડા (ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ)થી દોરાયેલો રથ (જીંદગી)ની લગામ પ્રભુને શરણે કરશે ત્યારે એ આપણને મોક્ષ પામવાના ત્રણ મુખ્ય માર્ગો બતાવશે.  આ લડાઈ ૧૮ દિવસ ચાલે છે. ગીતાના ૧૮ પાથ છે. અંતે પાંડવો જીતે છે.

**વિષ્ણુસહસ્રનામાઃ** મહાભારતના ૧૩મા અનુશાસનપર્વમાં ૧૪૯માં અધ્યાયમાં શ્રીવિષ્ણુના ૧૦૦૦ નામ આપ્યા છે.  આ યુધિષ્ઠિરે ભિષ્મને પુછેલા ૬ સવાલોના જવાબનો એક ભાગ છે જે આપણા ધર્મમાં એક અત્યંત મહત્વકારી અને નિત્ય જપાતુ ગ્રંથ છે.

© 2008 North American Hindu Association

**હરિવંશઃ** આ ૧૬,૦૦૦થી વધારે શ્લોકોનું બધા પર્વો પછી અપાયેલુ પરિશિષ્ટ છે જેમાં શ્રીવિષ્ણુના વંશનું તેમજ છેલ્લા ભાગમાં શ્રી કૃષ્ણલીલાનુ વર્ણન છે.

**બીજી મહત્વની કથાઓ** છે - નળ દમયંતિની કથા, યક્ષપ્રસન કે જે યુધિષ્ઠિર અને યક્ષ વચ્ચેનો વાર્તાલાપ, અને વિદુરનિધિ કે જે ધૃતરાષ્ટ્ર અને વિદુર વચ્ચેનો વાર્તાલાપ.

આવતા ક્રમાંકમાં આપણે બાકીના ધર્મગ્રંથોની સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(ઓગસ્ટ - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૭. અન્ય શાસ્ત્રો**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

**સ્મૃતિઓ** : હિંદુધર્મના સામાજીક તેમજ આધ્યાત્મિક જીવનની જવાબદારી સ્મૃતિઓ પર છે. કુલ્લે ૧૮ સમૃતિઓ (જે ઋષિઓએ લખી તે નામની : મનુ, પરાશર, યાજ્ઞવલ્કય, ગૌતમ, હારિત, યમ, વિષ્ણુ, શંખ, લિખિત, બ્રહસ્પતિ, દક્ષ, અંગિરસ, પ્રચેતસ, સંવર્ત, અચનસ, અત્રિ, આપસતંબ, અને શાતાતપ) અને બીજી ૧૮ (જાબાલિ, નચિકેત, સકંદ, લૌગાક્ષિ, કશ્યપ, વ્યાસ, સનતકુમાર, શંતાનુ, જનક, વ્યાઘ્ર, કાત્યાયણ, જાતુકર્ણય, કપિંજલ, બૌધયણ, કાનાડ, વિશ્વામિત્ર, પૈઠીનસ, ગોભિલ) ઉપસ્મૃતિઓ છે. પ્રખ્યાત મનુસ્મૃતિમાં જન્મથી મરણ સુધીના રીતરિવાજોનું વર્ણન છે. મોટે ભાગના આપણા સંસ્કારોની વિધીઓ દા.ત. સિમંત, વિવાહ, અને અન્તિમ સંસ્કારો એના લખાણને આધારે હોય છે.

**સુત્રોઃ** પુરાણા જમાનામાં ઘણુ અને જલ્દી લખવુ શકય ન હતુ. યાદ રાખવા માટે એકદમ ટુંકમાં નોંધ કરવામાં આવતી જેને સુત્ર કહેતા. સુત્ર એટલે સુતર - કપાસનો કાચો દોરો. જેવી રીતે સુતરની કંઈ ખાસ કિંમત નથી પરંતુ હાર ગુંથવામાં અતિ કિમતિ છે તેમ સુત્રો સમજવા ઘણા કઠિણ છે કે એવુ લાગે કે એ નકામા છે. પરંતુ જો કોઈ સમજાવે તો અમુલ્ય છે. શ્રી શંકરાચાર્યની નોંધ સાથેનુ બ્રહ્મસુત્ર, પતાંજલીનુ યોગસુત્ર, અને વાત્સાયનનું કામસુત્રએ ત્રણ લોકપ્રિય અને પ્રસિધ્ધ સુત્રો છે. જૈન અને બૌધ ધર્મગ્રંથોમાં પણ સુત્રો છે પરંતુ તેને આપણા સુત્રો સાથે કંઈ સબંધ નથી.

**તંત્રો અને આગમો** : આ શિવ શાસ્ત્રોમાં ૯૨ શિવ, ૧૦૮ વિષ્ણુ, અને ૭૭ શકિત (જેને શાકતા કહેવામાં આવે છે) શાસ્ત્રો છે. એ બધા જ તંત્રો અથવા આગમો તરીકે ઓળખાય છે પરંતુ કોઈ એમ પણ માને છે કે ફકત શાકતા શાસ્ત્રોને જ તંત્રો અથવા આગમો કહેવાય. બધાજ આગમોમાં શકિતના સવાલોનો જવાબ શિવ આપે છે. જો શિવના સવાલનો જવાબ શકિત આપે તો તેને નિગમ કહેવામાં આવે છે. પરંતુ ઘણી વખત આ બધાને જ આગમો કહેવામાં આવે છે. શિવભકતો એ સૌને વેદો બરાબર માને છે. તંત્ર એટલે સાદડીની અથવા કરોળિયાની જાળ. આમ જાળુ નાજુક દેખાય પરંતુ ઘણુ મજબુત હોય છે કારણકે એ કરોળિયાનુ અને એને મારેલા જંતુનો પણ ભાર ઝીલી શકે છે. આગમ એટલે જે એકની પાસેથી બીજા પાસે જાય તે. આ સૌમાં શિવશકિતપૂજાની રીત, યંત્ર, યોગ, અને મંદિરની રચના હોય છે. અમુકમાં ખાસ કરીને શાકતા તંત્રોમાં પૂજામાં માંસ, અને મદિરા વપરાય છે. ૫ થી ૧૩મી સદી દરમ્યાન વાસના અને સંભોગ પૂજાનો સામાન્ય ભાગ બનવાથી તંત્રો પર લોકોની ઈતરાજી વધી.

બુધ્ધધર્મના અગમો ખરેખરતો પાલીમાં લખેલા સુત્રો છે. જૈનધર્મના અગમો પ્રાક્રતમાં લખાયેલ મહાવિરનો બોધ છે. આને આપણા સુત્રો અથવા અગમો સાથે કંઈ સબંધ નથી. હજુ પણ આપણી અમુક પૂજામાં જેમકે ગોત્રેજમાં કુળદેવપૂજાના અમુક ભાગો તાંત્રિક છે.

© 2008 North American Hindu Association

**અલવાર શાસ્ત્રો** : તામીલમાં અલવાર એટલે જે ડુબેલો છે તે, અહીં વિષ્ણુ ભકિતમાં. ૭ થી ૧૨મી સદીમાં દક્ષીણ ભારતમાં ૧૨ સંતો (૧ સ્ત્રી હતી) થઈ ગયા જે સૌ અલવાર નામે ઓળખાય છે. એઓના તામીલમાં લખેલા ભજનોનો સંગ્રહ દિવ્ય પ્રબંધ અત્યંત લોકપ્રિય અને નિત્ય ગવાતુ વેદો સમાન શાસ્ત્ર ગણાય છે. આજ પ્રમાણે શિવભકત સંતોએ લખેલુ તેવરમ પણ શાસ્ત્ર ગણાય છે.

**સ્તોત્રો** : આ દેવદેવીઓની પ્રસંષા કરતા શ્લોકો મુખ્ય શાસ્ત્રોમાંથી લેવામાં આવેલા છે. સ્તોત્રો ગાવાની ખાસ રીત હોય છે જેમ કે વિષ્ણુ સહસ્ત્રનામા. લગભગ દરેક દેવદેવીઓના નામે સ્તોત્ર હોય છે.

**અષ્ટકમો** : સંસ્કૃતમાં અષ્ટ એટલે ૮. આ સ્તોત્રો જેવા જ પરંતુ આ મુખ્ય શાસ્ત્રો સિવાય અન્ય શાસ્ત્રોમાંથી પણ લેવામાં આવેલા હોય છે અને એમાં આઠજ શ્લોકો હોય છે. કોઈક વાર ૯મો શ્લોક જે સંતે અષ્ટકમ લખ્યુ હોય તે પોતાનુ નામ ઉમેરી લખ્યો હોય છે. સ્તોત્રોની જેમ અષ્ટકમો પણ દરેક દેવદેવીઓના નામે હોય છે. સામાન્ય રીતે આ પૂજા સમયે ગવાતા હોય છે. સૌથી પ્રસિધ્ધ અને નિત્ય ગવાતુ મધુરાષ્ટકમ છે જેમાં શ્રી વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણની પ્રશંસા કરી છે.

**ષટકો** : સંસ્કૃતમાં ષટ એટલે ૬. આ અષ્ટકમો જેવા જ પરંતુ આમાં છજ શ્લોકો હોય છે. સૌથી પ્રસિધ્ધ અને નિત્ય ગવાતુ આત્મષટ્ક છે જેમાં શ્રી શંકરાચાર્યે આત્માની પ્રશંસા કરી છે.

**નીચેના પુસ્તકો શાસ્ત્રો નથી** પરંતુ ઘણી પૂજાઓમાં એ વંચાતા હોય છે તેથી એ વિષે બે શબ્દો લખાયા છે. આ કોઈ પણ સંસ્કૃતમાં નથી કારણકે એ મુખ્ય શાસ્ત્રોમાં નથી. આ બધાની રચના સામાન્ય રીતે ૧૨મી સદી કે જ્યારે ભકિતમાર્ગ શરૂ થયો ત્યાર પછીની લોકપ્રિય ભાષામાં છે.

**આરતીઓ** : જે દેવદેવીની આરતી હોય તે દેવદેવીની પ્રસંસા કરતુ એક ગીત હોય છે જે પૂજાને અંતમાં ગવાતુ હોય છે. ઘણી વાર આરતીની છેલ્લી લીટીમાં લેખકનુ નામ હોય છે.

**ભજનાવલીઓ** : આમાં જુદાજુદા સંતોએ લખેલા ભજનો હોય, ઘણી વખત એકથી વધારે ભાષામાં હોય.

**ચાલીસાઓ** : લગભગ દરેકજ દેવદેવીઓના નામના ચાલીસા મળે છે એમાં ફકત હનુમાન ચાલીસા જ શાસ્ત્રમાં ગણાય છે કારણ કે એ તુલસીદાસ રચીત રામાયણમાં છે.

**સ્તુતિઓ** : આ સ્તોત્રો જેવા જ છે પરંતુ એમાં પ્રભુ પાસે દયાની માંગની અરજીનો ભાવ વધારે હોય છે.

આવતા ક્રમાંકમાં આપણે શાસ્ત્રોની સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(સપ્ટેમ્બર - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૮. શાસ્ત્રોની સમજ.**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

આપણા શાસ્ત્રો ઘણા અને ગૂંચવડીયા છે.  કોઈક તો એવા કે જાણે આપણે કૉલેજની વિજ્ઞાનની પાઠયપુસ્તક વાંચતા હોઈએ.  જે ભાષામાં લખાયલુ હોય તે આપણે વાંચી શકીએ પરંતુ એનો અર્થ એ નહિ કે આપણે સમજી શકયે.  શાસ્ત્રો વિષે આપણે સૌ આ સામાન્ય સવાલો કરીએ - કેમ, કયુ, કયારે, કયાં, અને કેવી રીતે.

**કેમ**ઃ સામાનય રીતે આપણે શાસ્ત્રો બે મુખ્ય કારણે વાંચ્યે કે સાંભળ્યે.  એકઃ આપણે કંઈ ધર્મ, દેવદેવીઓ, અથવા વ્રત વગેરે કંઈક વિષયે જાણવુ હોય.  બીજુઃ કોઈ ધાર્મિક વિધિનો ભાગ હોય, દા.ત. સત્યનારાયણ કથા.

**કયુ** ઃ  પહેલા કારણે આપણે કયુ શાસ્ત્ર પસંદ કર્યે તે આપણે શું જાણવું છે તે પર આધારીત છે દા.ત.  એકાદસી વ્રત વિષે પદ્મપુરાણના ઉત્તરખંડમાં માહિતી છે. બીજા કારણે જે વિધિ કે ક્રિયા હોય તે કયુ શાસ્ત્ર વંચાય તે નકકી કરે, દા.ત. ભાગવત કથામાં ભાગવત પુરાણ વંચાય.  ઘણી વખત ઘણા લોકો એવુ માને કે શાસ્ત્રના અમુક અધ્યાયનુ રોજ અથવા નિયમિત વાચનથી લાભ થાય અથવા એથી ઊંધું કે વાંચવામાં ભંગ પડે કે રહી જાય તો દેવદેવી નારાજ કે ક્રોધિત થાય અને તે હાનિ કરશે.  પહેલુતો એ કે વગર સમજનુ કંઈ પણ, પછી તે શાસ્ત્ર હોય કે નહિ,  વાંચવાથી કંઈ ફાયદો થતો નથી - પછી તે ગમે એટલા સમય વાંચીયે.  બીજુ કે આપણી વાંચવામાં ભુલ થાય કે રહી જાય તો દેવદેવીઓ નારાજ કે ક્રોધિત થતા નથી.  નહિ તો એઓ દેવો નહિ, દાનવો કહેવાય.

**કયારે** ઃ કોઈ પણ શાસ્ત્ર સામાન્ય પુસ્તક તરીકે કોઈ પણ સમયે વાંચી શકાય છે, પરંતુ જ્યારે કોઈ વિધિમાં વંચાય તો અમુક સમયે અથવા શુભકાળે વંચાય.  ઈન્ટરનેટ અને ઈ-મેઈલથી નવી અંધશ્રધ્ધાઓ અને જુની માનતાઓ બહુ ઝડપથી ફેલાય છે.  કોઈ ધાર્મિક કાગળ, દેવ, દેવી, કે સંતનો ફોટો, ભજન, કે આરતીની ૧૦ કે ૧૫ કોપી કરીને ૮ થી ૨૪ કલાકમાંજ બીજાઓ પર મોકલવી.  આવુ નહિ કરનારની જીંદગી બરબાદ થઈ જશે અને કરનાર માલોમાલ થશે એ આજકાલ ઘણુ ચાલે છે.  પહેલા જણાવ્યુ તેમ દેવો આવુ કરતા નથી અને એથી ભયભીત થવુ નહિ.

**કયાં** ઃ  જો શાસ્ત્ર સામાન્ય પુસ્તક તરીકે વાંચીએ, તો તે કોઈ પણ જગ્યાએ વાંચી શકાય છે.  પરંતુ જ્યારે વિધિમાં વંચાય, ત્યારે તે  મૂર્તિ સમક્ષ વંચાય છે દા.ત.  વિષ્ણુ સહસ્રનામા.  ઘરમાં શાસ્ત્રો કયાં રાખવા એ સામાન્ય સવાલ છે.  મોટે ભાગના લોકો ઘરમાં મંદિરમાં અથવા તેની આસપાસમાં રાખે છે.  જો તે રોજ વાંચવામાં અથવા પૂજામાં જોયતુ હોય દા.ત. ગીતા, તો એ યોગ્ય છે. નહિ તો ઘરમાં કોઈ પણ જગ્યાએ જ્યાં બીજા કીમતી પુસ્તકો રાખ્યા હોય ત્યાં રખાય.  અજ્ઞાનતાથી એવુ ઘણા માને કે ઘરમાં શાસ્ત્ર રાખ્યે તો એમાં જે અશુભ ઘટના લખી હોય તે આપણે ભોગવવી પડે, દા.ત. ઘરમાં

© 2008 North American Hindu Association

મહાભારત રાખે તો ઘરમાં મહાભારત (જેવુ યુધ્ધ) થાય. સામાજીક યુધ્ધો શાસ્ત્રો લીધે નહિ પરંતુ ખરાબ સ્વભાવ, વિચાર, અને કુકર્મો લીધો થાય છે. કદાચ શાસ્ત્ર વાંચીને સમજીને અપનાવીએ તો એવુ ના થાય.

**કેવી રીતે** : આ શાસ્ત્રોનો સૌથી મહત્વાકારી ભાગ છે. જો શાસ્ત્ર સામાન્ય પુસ્તક તરીકે વાંચીએ તો એની વાંચવાની ખાસ કોઈ ઘબ નથી. બીજા કોઈ પણ પુસ્તક તરીકે વાંચી શકાય છે, તે છતાં એમાં જે આધ્યાતમિક બોધ હોય તે સમજવાની આપણે જરૂર કોશિશ કરવી જોઈએ. આ કહેવુ સહેલુ છે પરંતુ કરવુ ઘણુ અઘરુ છે. પરંતુ સમય અને પ્રયાસથી એ સરળ બને છે.

જ્યારે શાસ્ત્ર કોઈ વિધિમાં વંચાય, ત્યારે એની વાંચવાની એક વિશિષ્ટ ઢબ હોય છે, દા.ત. હનુમાન ચાલિસા, વિષ્ણુ સહસ્ત્રનામા. લાખો લોકો આને મોઢે કરી નિત્ય બોલે છે પરંતુ આમ રટણ કરતા પણ આપણે શું બોલીએ છીએ તે સમજવુ અત્યંત મહત્ત્વનુ છે. કોઈ પણ ચીજનુ વગર સમજ્યે રટણ કરવાનો કંઈ અર્થ નથી. તેજ પ્રમાણે ઘણી વખતે વિધિમાં શાસ્ત્રો ઝડપથી વંચાય છે, દા.ત. અખંડ રામાયણ, વિષ્ણુ સહસ્ત્રનામા કારણ કે યજમાન બ્રાહ્મણને જલ્દી પતાવવાનુ કહેતા હોય અથવા પુજારીને વિધિનુ બરાબર જ્ઞાન ન હોય પરંતુ એ દેવોનુ અપમાન છે. જલ્દીથી વાંચવા કરતા ન વાંચવુ સારું છે. આજકાલ લોકપ્રિય શાસ્ત્રો ઘણી ભાષામાં મળે છે, કોઈક ભાષાંતર સારું અને કોઈક નહિ. જેમ વાંચવાની ટેવ વધે તેમ સારું ભાષાંતર પારખવાનુ સરળ પડે.

આ લેખકની હાર્દિક સુભેચ્છા છે કે આ શાસ્ત્રોના લેખોથી થોડાઘણા વાચકોને આપણા ધર્મ વિષે સમજવાની અને સાંભળવાની જિજ્ઞાસાની એક ઝીણી ચિનગારી લાગી હોય.

આવતા ક્રમાંકમાં આપણે આપણા અનેક દેવદેવીઓની સમજ આપશું. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(ઓક્ટોબર - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૯. બ્રહ્મ વિષે જ્ઞાન.**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

આપણા ધર્મની એક સામાન્ય ગુંચવણ એ છે કે આપણા દેવદેવીઓ અનેક છે. એ સમજવા માટે આપણે બ્રહ્મ વિષે જાણવું જરૂરી છે.

**બ્રહ્મઃ** બ્રહ્મ એક એ તત્ત્વ છે કે જેને આપણે આપણી ઈંદ્રીઓ વડે જોઈ, સમજી, કે કલ્પી શકતા નથી. આપણી ઈંદ્રીઓથી તો આપણે બ્રહ્મથી પણ સરળ વસ્તુઓ સમજી શકતા નથી, દા.ત. જાનવરો એક બીજા સાથે કેવી રીતે વાતો કરે છે, આપણા શરીર પર બીજા પદાર્થોની શું અસર થાય છે, વગેરે. આપણે સમજી શકયે એવી ભાષામાં એમ કહેવાય કે બ્રહ્મ સૌથી મહાન દેવ છે જેથી બીજો કોઈ મહાન, શકિતશાળી, અથવા ઉંચે નથી. બ્રહ્મજ્ઞાન પામવુ એટલુ અઘરુ છે કે ઋષિઓ હજારો વર્ષો તપ કર્યા પછી પણ મેળવી શકતા નથી. જ્યારે પાર્વતિએ શિવ પાસે બ્રહ્મજ્ઞાન માગ્યુ, ત્યારે તેને પણ શિવે ના કહ્યુ હતુ. બ્રહ્મજ્ઞાનથી ઉંચુ બીજુ કોઈ જ્ઞાન નથી. આપણા શાસ્ત્રોમાં બ્રહ્મના બે રૂપ આપ્યા છે.

**પરબ્રહ્મઃ** આ એ બ્રહ્મ છે કે જેનો કોઈ આકાર નથી. એ સદા અને સર્વત્ર હાજર છે. એ આપણે સમજી શકયે એવા ત્રણ રૂપમાં પ્ર ગત થાય છે. ૧. સત - એટલે સત્ય. સત્ય એ કે ફકત બ્રહ્મ જ વાસ્તવિક છે બીજુ બધુ અસત્ય છે. ૨. ચીત - એટલે વિચાર અથવા મન - આપણી વિચાર શકિત કે જેથી સર્વત્ર કાબુ રહે અને ૩. આનંદ - આનંદ એ સુખ નથી કારણ કે સુખ અને દુઃખ જોડાયેલા છે જ્યારે આનંદ કશાથી જોડાયેલ નથી. તેથી આનંદ સુખથી પણ સર્વોત્ત્મ છે. આ ત્રણનો સમુહ સત્ત્ચિદાનંદ અથવા ચિદાનંદ તરીકે ઓળખાય છે.

**કાર્યબ્રહ્મઃ** ઘણા લોકો માટે સત્ત્ચિદાનંદનો તત્ત્વ સમજવો અઘરો છે એટલે આપણા ભલા માટે આપણે સમજી શકયે એવા આકારમાં બ્રહ્મ કાર્યબ્રહ્મના મુખ્ય ત્રણ રૂપે પ્રગત થાય છે. છે. એ દરેક રૂપ એક બીજાથી એકદમ જુદા અને જુદી જવાબદારી વાળા હોવા છતાં એક બીજા સાથે જોડાયલા છે અને એક બીજા વિષે સંપુર્ણ જ્ઞાન ધરાવે છે. એઓ છે ૧. બ્રહ્મા, સર્જક; ૨. વિષ્ણુ, પાલનહાર; અને ૩. શિવ, નાશક. આ ત્રણે દેવોનું એક સરખું મહત્ત્વ છે તે છતાં એ દેવોના ભકતો અને એમના શાસ્ત્રો એ જ દેવ સર્વોત્તમ છે એમ માને છે. ૐ આ ત્રણે દેવોના પ્રતિનિધ રૂપ છે.

કાર્યબ્રહ્મ એ પ્રકૃતિ તરીકે પણ ઓળખાય છે. પ્રકૃતિમાં દરેક મૂળભૂતોનો સમાવેશ છે જેમ કે અગ્નિ, વાયુ, વગેરે. જોકે બ્રહ્મા મારફતે બ્રહ્મ આ સૃષ્ટિના સર્જક છે પરંતુ પ્રકૃતિ જાતે કશું જ સર્જી શકિત નથી. શકિત વગર પ્રકૃતિથી સર્જન સંભવ નથી તેથી બ્રહ્મે પહેલા શકિત બનાવી. પ્રકૃતિ નર રૂપ સર્જાયુ છે એટલે શકિતને નારી રૂપ અપાયુ છે. જે સર્જક (એટલે પ્રકૃતિ) શકિત સર્જી શકે છે તે શકિત વગર બીજુ કંઈના સર્જી શકે એ વિરોધી વિવાદ સમજવા માટે એક ઉદાહરણને શરણે જવુ જરૂરી છે. એક કલાકારને ચિત્ર બનાવવા માટે પીછીની જરૂર છે તેથી કલાકારે સૌથી પ્રથમ પીછી બનાવવી પડે. પીછી પણ એની જાતે ચિત્ર બનાવી શકતી નથી. આજ કારણે આ ત્રણ મહાદેવોએ પહેલા અલગ અલગ શકિત બનાવી. સૌથી પહેલા બ્રહ્માએ સરસ્વતિ બનાવી કારણ કે જ્ઞાન

© 2008 North American Hindu Association

વગર સર્જન શકય નથી. વિષ્ણુએ લક્ષ્મી બનાવી કારણ કે ધન અને સમૃદ્ધિ વગર પાલન કરવુ અઘરૂ છે. છેલ્લે શિવે પાર્વતિ બનાવી કારણ કે બળ અને જોશ વગર વિનાશ શકય નથી.

સરસ્વતિને બ્રહ્માએ બનાવી એથી એ એમની પુત્રી થઈ અને એની સાથે લગ્ન કર્યા એટલે એમની પત્ની પણ થઈ. આજ ધર્મસંકત વિષ્ણુ અને શિવને પણ લાગે છે. બ્રહ્માના જેવી ભુલ ના થાય એટલે એ બેએ પોતાની શકિતઓનો જન્મ બીજે કરાવ્યો. એ કારણે લક્ષ્મી સાગરમાંથી સમુદ્રમંથને પ્રગત થઈ અને પાર્વતિએ હિમાલયને ત્યાં જન્મ લીધો.

**શ્રી દેવી** : આ ત્રણમાંથી (એટલે સરસ્વતિ, લક્ષ્મી, અને પાર્વતિ) એકે દેવી પોતાની જાતે અધર્મ અને અત્યચારનો નાશ કરવામાં સફળ નથી થતી. એ ત્રણે જ્યારે સાથે થાય ત્યારે જ એ સફળ થાય છે. આ ત્રણ દેવીઓનો સમુહ રૂપ શ્રી દેવી તરીકે ઓળખાય છે. સૌથી વધારે અવતારો એના જ હોય છે.

**અનેક દેવો અને દેવીઓ** : પ્રકૃતિ અને શકિતના દરેક લક્ષણો અને ગુણો દેવરૂપે હાજર થઈ શકે છે અને તેની બ્રહ્મના પ્રતિનિધી રૂપ પુજા થાય છે. આમ દરેક ભાવ (દા.ત. ક્રોધ, કામ, અને લોભ), દરેક પ્રકૃતિ લક્ષણ (દા.ત. પહાડો, નદીઓ, અને ઝાડો), દરેક શકિત લક્ષણ (દા.ત. પુસ્તકો, ધન, અને શસ્ત્રો) અને આ સૌના ત્રણ મહાદેવોના રૂપ સાથેના સમુહવાળા એમ અસંખ્ય દેવદેવીઓ ગણાય છે. આપણે એક સરકારનો દાખલો કલ્પ્યે. આખા દેશમાં એક જ સરકાર છે, પરંતુ એમાં અસંખ્ય કર્મચારીઓ હોય છે. આપણે સરકારને સ્પર્શ, જોઈ, કે અડકી શકતા નથી એટલે આપણે એના અલગ અલગ કર્મચારીઓ જેમ કે પ્રધાનો, મંત્રીઓ, અને કારકુનો સાથે કામ લેવુ પડે છે.

આવતા દેવદર્શન ક્રમાંકમાં આપણે બ્રહ્માની સમજ આપશું. આગલા ક્રમાંકો ઈંટરનેટમાં www.naha.us/publications પર ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં મળશે. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(નવેમ્બર - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૧૦. બ્રહ્મા - દેવદર્શન.**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

**બ્રહ્મા** ત્રણ મહાદેવમાં એક છે. એઓ સૃષ્ટિના સર્જક છે. કારણકે એમણે જન્મ લીધો તેથી એમનુ બ્રહ્માના સો વર્ષનુ આયુષ્ય છે. બ્રહ્માનો એક દિવસ આપણા મનુષ્યના ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષો એટલે ૧,૦૦૦ મહા યુગો ગણાય છે. બ્રહ્માના દિવસનાં અંતે બ્રહ્મા સુઈ જાય છે ત્યારે સમસ્ત સૃષ્ટિનુ પ્રલય (એટલે સંપુર્ણ નાશ) થાય છે. જ્યારે એઓ જાગે છે ત્યારે ફરી સૃષ્ટિનુ સર્જન કરે છે. આમ બ્રહ્માના સો વર્ષે એમના મૃત્યુ બાદ બીજા બ્રહ્માનો જન્મ થાય છે. ત્રણ મહાદેવોમાં ફક્ત બ્રહ્માના જ કોઈ અવતાર નથી. એમનુ સ્થાન સર્વોત્તમ સ્વર્ગ બ્રહ્મલોકમાં છે.

**આકાર અને પ્રવૃતિ** ઃ સામાન્ય ચિત્રોમાં બ્રહ્મા ૪ દિશામાં (એટલે સર્વે) જોતા ૪ શિરો (૪ વેદના પ્રતિનિધિ રૂપ) અને ૪ હાથો (જે મન, બુદ્ધિ, અહંકાર, અને આત્મવિશ્વાસ) વાળા હોય છે. પ્રારંભે બ્રહ્માને ૫ શિરો હતા. પાંચમુ શિર જે ૪ શિરોની ઉપર ઉંચે જોતુ હતુ , પરંતુ તે સત્રુપાના સૌંદર્યના ઘેનમાં આવી તે ફક્ત તેને જ જોતુ. આથી શિવ અત્યંત ક્રોધિત થયા અને પાંચમાં શિરનો વધ કર્યો.

બ્રહ્માના એક હાથમાં માળા (સમય અથવા સર્જનની પ્રગતિ), બીજા હાથમાં પુસ્તક (જ્ઞાન), અને ત્રીજા હાથમાં કમંડળ (જળ) હોય છે. ચોથા હાથે ભક્તોને વરદાન આપે એવી મુદ્રા અથવા યજ્ઞની કોઈ ચીજ જેમકે કુશા ઘાંસ, કડછ, ચમચી પકડી હોય. એઓ કમળ (સર્વ સર્જનનુ ચિન્હ) પર ઊભા હોય અથવા હંસ (જ્ઞાન) પર સવાર હોય. કોઈ વાર ૭ હંસ (૭ લોક)ના રથ પર સવારી કરી હોય છે. એઓ શસ્ત્ર ધારણ નથી કરતા. માથે મુગત (સર્વોત્તમ સત્તા) અને સફેદ દાઢી (શાણપણ) હોય છે. એમની મુખ્ય પ્ર વૃતિ સર્જનની છે.

**વાહન** ઃ બ્રહ્માનું વાહન છે હંસ જેની પાસે નીરક્ષીરવિવેક છે જેથી એ પાણી અને દુધને (સત્ય અસત્યને) છૂટું પાડી શકે છે.
નામો ઃ ત્રણ મહાદેવોમાં એમના સૌથી ઓછા નામો છે. એમણે વેદો સર્જ્યા છે પરંતુ વેદોમાં બ્રહ્માનુ એકેવાર નામ નથી. એઓ હિરણ્યગર્ભ (જેનો જન્મ સોનાના ઈંડામાંથી થયો છે તે) અને પ્રજાપતિ (જે પ્રજાના સ્વામિ છે તે) ના નામે પણ ઓળખાય છે. બીજા મુખ્ય નામો છે - સ્વયંભુ (જેનો જન્મ જાતે થયો), વિધાતા (જે ભાગ્ય બનાવે છે તે), નાભિજા (જેનો જન્મ દૂંટીમાંથી થયો છે તે) અને વિશ્વકર્મા (જેણે સારૂ વિશ્વ બનાવ્યુ છે તે).

**પરિવાર** ઃ બ્રહ્માની પત્ની સરસ્વતિ છે. પછી ગાયત્રિ (સરસ્વતિ અવતાર) સાથે પણ લગ્ન કર્યા હતા. એમના અત્યંત પુત્રો છે. એમાં મુખ્યઃ ૧. સનક, સનાતન, સનાનંદ, અને સનતકુમાર - જેઓ સાથે જન્મ્યા અને સદા એક બીજા સાથે રહે છે તે ચાર. એ ચારે મોટા થવાની મનાય કરી અને કાયમ ૫ વર્ષના રહ્યા. બ્રહ્માએ પુત્ર થાય એમ વિચાર કર્યો અને જે પુત્રો થયા તે માનસપુત્રો કહેવાયા. ૨. ૧૦ માનસ પુત્રો - ક્રતુ , પુલહ, પુલત્સય, અત્રિ, અંગિરા, વસિષ્ઠ, ભ્રગુ, પ્રચેતસ, મરીચિ, અને નારદ. પહેલા ૯ બ્રહ્મર્ષિ - જેમને બ્રહ્મનુ સંપુર્ણ જ્ઞાન છે તે - તરીકે ઓળખાય છે. એમાં પહેલા ૭ સપ્તર્ષિ છે

© 2008 North American Hindu Association

જેમની પ્રવૃતિ પ્રજા ઉત્પન્ન કરવાની હતી. દરેક ગોત્ર એક સપ્તર્ષિ નામે ઓળખાય છે. ૩. શરીરના જુદા જુદા ભાગોમાંથી જન્મેલા ૧૦ પુત્રો - દક્ષ, ધર્મ, કામ. ક્રોધ, લોભ, મોહ, માયા, આનંદ, મૃત્યુ, અને ભરત. દક્ષ બ્રહ્માના જમણા અંગુથામાંથી જન્મ્યો જેને ૫૦ પુત્રી થઈ. એમની દીકરી દિતિના પુત્રો દૈત્ય (અસુરો) તરીકે, દાનુના પુત્રો દાનવ (રાક્ષસો) તરીકે, અને અદિતિના પુત્રો દેવો તરીકે ઓળખાયા. પુત્રિ સતિના શિવ સાથે લગ્ન થયા.

બ્રહ્માની બે પુત્રિઓ ખાસ ગણાય છે. ૧. શત્રુપા (જે ના સો સૌંદયો છે) જેનુ બીજુ નામ સરસ્વતિ - જેની સાથે એમણે લગ્ન કર્યા તે અને ૨. અહલ્યા - જેને તેના પતિ ગૌતમઋષિએ ઈંદ્રસાથે નખરા કરતા જોઈ પથ્થર બનાવી તે.

**પૂજા** : શ્રાપને કારણે બ્રહ્માની પૂજા નથી થતી. આમાં ત્રણ મુખ્ય કથા ગણાય છે જેમાં શિવના, ભૃગુ ઋષિના, અને સરસ્વતિના શ્રાપનુ વર્ણન છે. દરેક કથામાં બ્રહ્માના વર્તાવના કારણે એને શ્રાપ મળે છે કે એની કદા પૂજા થશે નહિ. શીખવાનું એ છે કે કર્મફળમાંથી કોઈનો છુટકારો નથી. બ્રહ્માને પગે લગાય છે અને ચીજો સર્મપિત થાય છે પરંતુ એના માટે મંદિર બંધાતા નથી તેમજ એની મંદિરમાં પુજા થતી નથી. આના અપવાદ તરીકે ફકત રાજસ્થાનમાં અજમેર પાસે પુસ્કર ગામમાં બ્રહ્માનું મંદિર છે - જે એક ધાર્મિક સ્થળ છે. બીજા એક બે મંદિરો ભારતમાં છે પરંતુ તે ધાર્મિક સ્થળો ગણાતા નથી. ભારત સિવાય પરદેશમાં થાઈલેંડમાં બ્ર હ્માની ફ્રા ફ્રોમ તરીકે પૂજા મંદિરોમાં થાય છે. થોડાક પૂજાપાથ કમબોડિયા અને એની આજુબાજુના દેશોમાં પણ થાય છે. બીજા દેવો કરતા બ્રહ્મા સહેલાયથી પ્રસન્ન થાય છે જેનો લાભ લેવા અસુરો બ્રહ્માનીજ પુજા કરતા હોય છે.

**બ્રહ્માનો મંત્ર** - ૐ બ્રહ્મણેય નમઃ - છે.

**ધાર્મિક સ્થળો** : બ્રહ્માનુ ફકત એક જ ધાર્મિક સ્થળ પુસ્કરમાં આવેલુ મંદિર છે. દર વર્ષે કાર્તિક પુર્ણિમાંએ બ્રહ્માનો સૌથી મોટો મેળો ત્યાં ભરાય છે.

આવતા દેવદર્શન ક્રમાંકમાં આપણે વિષ્ણુની સમજ આપશું. આગલા ક્રમાંકો ઈટરનેટમાં www.naha.us/publications પર ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં મળશે. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association

(ડીસેમ્બર - ૨૦૦૮)

**હિંદુ ધર્મઃ ૧૧. વિષ્ણુ - દેવદર્શન.**

ડૉ. ભુપેન્દ્ર રતનજી હજરતવાલા - કૅલિફોર્નિયા, અમેરીકા.

ત્રણ મહાદેવોમાં વિષ્ણુ એક છે. એઓ આ સૃષ્ટિના પાલનહાર છે. એઓ આજન્મા છે એટલે એમનુ મૃત્યુ નથી. સ્વર્ગલોકના એક ખાસ ભાગ જેને વૈકુંથ કહેવાય છે એ એમનુ સ્થાન છે.

**આકાર અને પ્રવૃતિ** ઃ સામાન્ય રીતે વિષ્ણુ દર્શનમાં એમને ચારહાથવાળા બતાવવામાં આવે છે. શાસ્ત્રોમાં એવુ કહેવાય છે કે જો સ્વપનામાં પણ ચતુર્ભુજ વિષ્ણુ દેખાય તો એ બહુ અહોભાગ્ય કહેવાય. એક હાથમાં ૬ આરાવાળુ (૬ ઋતુ) સુદર્શન ચક્ર, બીજા હાથમાં કૌમોડકી ગદા (જ્ઞાન અને બળ), ત્રીજા હાથમાં પંચજન્ય (પાંચ ભુતો) શંખ, અને ચોથા હાથમાં કમળ (નિષ્ઠા અને પવિત્રતા) અથવા ભકતોને વરદાન આપતી મુદ્રા ધારણ હોય છે. નારાયણ તરીકે ૨ કે ૪ હાથવાળા અને ગોળ વીંટલાયલા મહાશેષ સર્પ પર ઢળીને આરામ કરતા હોય છે. બાજુમાં લક્ષ્મીજી બેઠા હોય છે અને દુંટીમાંથી નીકળેલા કમળ પર બ્રહ્માજી બેઠા હોય છે. એમની મુખ્ય પ્રવૃતિ સૃષ્ટિને સાચવવાની અને પાલન કરવાની છે. જ્યારે બીજા કોઈ દેવો મુસ્કેલી દુર નથી કરી શકતા ત્યારે તેઓ વિષ્ણુ પાસે મદદ અને માર્ગદર્શન માટે આવે છે.

**વાહન** ઃ વિષ્ણુનુ વાહન એક સમડી જેવું પરંતુ અત્યંત મોટુ પંખી જેનુ નામ ગરુડ (જે મહર્ષિ કશ્યપ અને વિનતા નો પુત્ર) છે તે છે. પૃથ્વી પર એક પણ ગરુડ નથી. એને ખાવામાં સર્પો અત્યંત પ્રિય છે. એ એક દૈવિક પંખી છે કે જેની પાસે ઘણી સિદ્ધિઓ છે. ચિત્રોમાં એને ચાંચવાળા અને મનુષ્યના મુખવાળા પંખી તરીકે અથવા પાંખવાળા મનુષ્ય તરીકે બતાવવામાં આવે છે. એનુ સોનેરી શરીર, સફેદ ચહેરો અને લાલ પાંખો હોય છે. કોઈક વાર મુગટ પહેરેલો પણ હોય છે.

**નામો** ઃ વિષ્ણુ અને એના અવતારોના હજારો નામો છે. વિષ્ણુના એક હજાર નામની નામાવલી જે વિષ્ણુ સહસ્રનામા તરીકે પ્રખ્યાત છે એ દરરોજ લાખો લોકો બોલે છે અને ઘણી પૂજાઓમાં એ સામેલ છે. થોડાક નામો અને તેના અર્થો ઃ વિષ્ણુ (જે સર્વત્ર છે તે), નારાયણ (જે સવર્ગિય પાણીમાં રહે છે અથવા પાણી પર સુયે છે તે), ભગવાન (જેની પાસે ભવિષ્ય છે), ઈશ્વર (મહા શકિતશાળી દેવ), હરિ (જે વિઘ્ન હરે તે), અને પ્રભુ (જે રાજ કરે તે).

**અવતારો** ઃ વિષ્ણુના ઘણા અવતારો છે પરંતુ એના દશ અવતારો પ્રસિદ્ધ છે. ૧. મત્સ્ય (જેમાં એક માછલી તરીકે બધાને જળપ્રલયથી બચાવે છે) ૨. કુર્મ (એક કાચબા તરીકે સમુદ્રમંથનથી અમૃત મેળવવામાં દેવો અને દાનવોને મદદ કરી) ૩. વારહ (એક સૂવર તરીકે પૃથ્વીને હિરણ્યક્ષથી બચાવી) ૪. નરસિંહ (ભકત પ્રહલાદને બચાવવા અર્ધસિંહ અને અર્ધમનુષ્ય રૂપ ધારણ કરી હિરણ્યકશ્યપુનો વધ કર્યો) ૫. વામન (એક બટુક બ્રાહ્મણ તરીકે સૌને બલીના અત્યાચારથી બચાવ્યા) ૬. પરસુરામ (એક પરસુથી અભિમાની ક્ષત્રિયોનો ૨૧ વાર નાશ કર્યો) ૭. રામ (એક ક્ષત્રિય રાજકુંવર તરીકે એમની પત્ની સીતાને રાવણથી બચાવી, રાચણનો નાશ કર્યો અને એક રાજા તરીકે એક આદર્શરાજ્યની સ્થાપના કરી)

© 2008 North American Hindu Association

૮. કૃષ્ણ (એક ક્ષત્રિય રાજકુંવર તરીકે ઘણા રાક્ષષોનો વધ કર્યો અને પાંડવોને યુદ્ધમાં સહાયતા કરી. એમણે અર્જુનને ભગવદ ગીતા નામે આપેલો બોધ હિંદુધર્મનુ એક પ્રસિદ્ધ અને લોકપ્રિય શાસ્ત્ર છે) ૯. બુદ્ધ (ક્ષત્રિય રાજકુંવર તરીકે એમણે લોકોને ધર્મજ્ઞાન આપ્યુ) અને ૧૦. કલકી (ધર્મરક્ષણ માટે કળીયુગઅંતે અવતાર લેશે)

**પરિવાર** : વિષ્ણુ પત્ની ધન અને વૈભવની દેવી લક્ષ્મી છે. એમના ૭માં અવતારના રામ તરીકે બે પુત્રો, લવ અને કુશ જ નોંધપાત્રક છે.

**પૂજા** : વિષ્ણુનાં અત્યંત મંત્રો છે. આમાં બે મંત્રો ઘણા લોકપ્રિય છે. ૐ નમો વિષ્ણવે અને ૐ નમો નારાયણાઃ

**ધાર્મિક સ્થળો** : વિષ્ણુના કુલ્લે ૧૦૮ ધાર્મિક સ્થળો દિવ્ય દસમ તરીકે ઓળખાય છે. આમાં ૪ ધામ તરીકે પ્રખ્યાત છે કારણકે ત્યાં વિષ્ણુ રહેવાશી છે એમ કહેવાય છે. અલગ અલગ શાસ્ત્રોમાં જુદા જુદા ૧૦૮ નામો અપાયા છે પરંતુ ચાર ધામ બધા શાસ્ત્રોમાં સરખા છે. ભારતમાં દરેક દિશામાં એક ધામ છે. ૧. ઉત્તરમાં - બદ્રીનાથ - ઉત્તરખંડમાં ૯મી સદીમાં શ્રી આદી શંકરાચાર્યે બાંધેલુ નારાયણ મંદિર ૨. પુર્વમાં પુરી, ઓરિસ્સામાં ૧૨મી સદીમાં રાજા અનંત વર્મનદેવે બાંધેલુ જગન્નાથ મંદિર ૩. દક્ષિણમાં રામેશ્વરમ, તામિલનાડુમાં. લંકા પર આક્રમણ કરતા પહેલા શ્રીરામે અહિં ભગવાનશિવની પુજા કરી હતી. અત્યારે જે મંદિર છે તે ૧૨મી સદીમાં લંકાના પરાક્રમ બાહુએ બાંધ્યુ હતુ. ૪. પશ્ચિમમાં દ્વારકા, ગુજરાતમાં શ્રી કૃષ્ણ મંદિર. જ્યારે જરાસંઘે મથુરા પર હુમલો કર્યો ત્યારે નિર્દોશલોકોની હત્યા ન થાય તે માટે શ્રી કૃષ્ણ મથુરા છોડી નવી બાંધેલી સુવર્ણનગરી દ્વારકામાં ગયા. શ્રી કૃષ્ણ યુદ્ધમાંથી નાશી ગયા એટલે એમને રણછોડ કહેવામાં આવે છે. અત્યારે મંદિરમાં મૂર્તિઓ ૧૨થી ૧૫મી સદીઓની છે.

આવતા દેવદર્શન ક્રમાંકમાં આપણે શિવની સમજ આપશું. આગલા ક્રમાંકો ઈંટરનેટમાં www.naha.us/publications પર ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષામાં મળશે. લેખ વિષેની ટીકા અથવા સુચના લેખકને hajratwala@naha.us પર ઈ- મેઈલ કરી મોકલવા નમ્ર વિનંતી.

© 2008 North American Hindu Association